## જન્મદિને વધામણી


અનિલ પોકાર
બાયડ, જિ.અરવલ્લી


નિતિન પટેલ
બાયડ, જિ.અરવલ્લી


વૈભવ જયસ્વાલ
બાયડ, જિ.અરવલ્લી


નરેન્દ્રભાઈ એચ. પટેલ
(ચંદન મેડીકલ સ્ટોર્સ-ગાબટ)
ગાબટ, તા.બાયડ


રીટાબેન રોહીતભાઈ પટેલ
હઠીપુરા(અમદાવાદ)


રાજેશ પટેલ
વડાગામ, તા.ધનસુરા


સરલ એચ. પટેલ
(ગુરૂકૃપા મોબાઈલ-બાયડ)
અરજણવાવ, તા.બાયડ


કુલદીપ મનોજકુમાર પરમાર
વાંટડા, તા.બાયડ


શેરહીન સમીરહૂસેન મીરઝાં
બાયડ, જિ.અરવલ્લી


ભરતકુમાર જયંતિલાલ ઉપાધ્યાય
(પ્રમુખ:ગાયત્રી શક્તિપીઠ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી

## રાજસ્થાનમા વધુ ૧૫ દિવસ લોકડાઉન વધતા

# ગુજરાત-રાજસ્થાન સાથેની તમામ બોર્ડરો સંપૂર્ણપણે સિલ

### સાબરકાંઠા-અરવલ્લી-બનાસકાંઠા સહિતની ગુજરાતની રાજસ્થાન બોર્ડરો ફરી સીલ કરવામાં આવી : એસ.ટી. બસો માટે પ્રવેશ પર પ્રતિબંધ

હિંમતનગર, તા ૨૪ વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના મહામારીની અત્યંત ઘાતક નીવડેલી બીજી લહેરમાં વધતા જતા કોરોના સંક્રમણને પગલે અરવલ્લી-બનાસકાંઠા સહિતની ગુજરાતની રાજસ્થાન બોર્ડરો ઉપર બન્ને રાજ્યોના પોલીસ વિભાગ અને આરોગ્ય વિભાગ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં ઉપર આજે બન્ને રાજ્યોની પોલીસ અને આરોગ્ય વિભાગે આરટી પીસીઆર નેગેટિવ રિપોર્ટ નહિ ધરાવનાર એવા ખાનગી બન્ને રાજ્યોના મળી ૪૦ થી વધુ ખાનગી વાહનોને છે.એસટી બસો માટે પ્રવેશ પ્રતિબંધ અંગે આગોતરી જાણ થતાં ખાનગી ટ્રકો અને ખાનગી વાહનો આવતા બન્ને રાજ્યોની બોર્ડરો ઉપર કેમ્પ ઉભા કરી પોલીસ અને આપવામાં આવી છે. જોકે પ્રવેશતા પહેલા પોતાનો આવવા માંગે છે તે જરૂરી

**તા.૨૪.૫.૨૦૨૧ થી તા.૮.૬.૨૦૨૧ સુધી વધુ ૧૫ દિવસ ત્રિ સ્તરીય લોકડાઉન : આવશ્યક ચીજ વસ્તુઓ,ઇમરજન્સી સેવાઓ માટે કોરોના આર.ટી. પી.સી.આર. નેગેટિવ હોય એવાં ખાનગી વાહનોને છૂટ આપવામાં આવી**

રાજસ્થાન સરકાર દ્વારા આગામી ૧૫ દિવસ માટે પોતાના રાજ્યમાં તા.૨૪.૫.૨૦૨૧ થી તા.૮.૬.૨૦૨૧ સુધી વધુ ૧૫ દિવસ ત્રિ સ્તરીય લોકડાઉન લાગું કરતા આજે પ્રથમ દિવસે સાબરકાંઠા- આવ્યું હતું.

ગુજરાતની સાબરકાંઠાના વિજયનગર, પોશીના,ખેડબ્રહ્મા અને બનાસકાંઠાની અંબાજી પાસેની રાજસ્થાનની સરહદ છાપરી ચેકપોસ્ટ ઉપર તેમજ રતનપુર સહિતની બોર્ડરો જે તે રાજ્યમાં પરત મોકલી આપવામાં આવ્યા હતા.

ગુજરાત-રાજસ્થાન સાથેની તમામ બોર્ડરો સંપૂર્ણપણે સિલ કરી દેવામાં આવી છે .અને ફરી એકવાર એસ.ટી.બસોની અવરજવર સદંતર રોકી દેવામાં આવી આરોગ્ય વિભાગ ચેકીંગ કરી રહેલ છે.

જેમાં જે માલવાહક ખાનગી ટ્રકો જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ નું વહન કરે છે અને મેડિકલ સહિતની ઈમરજન્સી સેવાઓ છે તે તમામને માટે છૂટ




આવશ્યક માલવાહક વાહનો તથા ખાનગી વાહનોમાં જતા મુસાફરોએ રાજસ્થાનમાં કોરોનાનો ઈ્ઁ-ઝ્ઇ ટેસ્ટ નેગેટિવ બતાવવો ફરજીયાત છે જે લોકો ગુજરાતમાં દસ્તાવેજ નહીં બતાવે તેમણે રાજસ્થાનમાં ૧૫ દિવસ કોરોન્ટાઈનમાં રહેવું પડશે.





## ધાનેરામાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા ફરસાણના વેપારીઓ

ધાનેરામાં સ્વૈચ્છિક લોકડાઉનમાં બપોરે બે વાગ્યા સુધીની છુટછાટ વેપારીઓને આપવામાં આવતાં અને હાલ કોરોના કાળ ચાલી રહ્યો હોવા છતાં માનવતા નેવે મૂકીને ફરસાણના વેપારીઓ જુની મીઠાઈ અને ફરસાણ વેચી લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરી રહ્યા છે,એક બાજુ ડીસાના ચીફ ઓફિસરશ્રી જાહેરનામાનો ભંગ કરતા વેપારીઓ સામે દુકાનો સીલ તેમજ ભારે દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા છે ત્યારે ધાનેરાના સતાધીશો સબ સલામતની બુમો પાડીને આંખ આડા કાન કરી રહ્યા છે,અત્યારે હોસ્પિટલો ફૂલ છે તેમજ અનેક પરિવારોમાં મોતનો માતમ છવાયો છે અને ધાનેરા શહેરમાં લોકડાઉનમાં કેટલીક છુટછાટ અપાઈ છે દશ દિવસ કરતા વધુ સ્વૈચ્છિક લોકડાઉન હતું અને આજે દુકાનો ખુલતા જ મીઠાઈ અને ફરસાણના વેપારીઓ વાસી ખાદ્ય પ્રદાર્થો વેચીને લોકોના આરોગ્ય સાથે છેડા કરી રહ્યા છે અને લોકોને ગંભીર પ્રકારની બીમારીનો ભોગ બનાવી રહ્યા છે વેપારીઓની સ્વાર્થી વૃત્તિ અને જવાબદાર સ્થાનિક તંત્ર તેમજ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની મીલીભગતથી અને પાલીકાની ઢીલી નીતિના કારણે મૌખિક રજુઆતો કરવા છતાં એક્શન લેવાના બદલે એકબીજાને ખો આપતાં જોવા મળી રહ્યાં છે, આવી મહામારીમાં ફરસાણના વેપારીઓને સાચવવા કરતા લોકોના સ્વાસ્થ્યની ચિતા કરવી જોઈએ જે ન કરતાં તંત્રની બેદરકારી સામે આવી છે ત્યારે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ધાનેરાના આળસુ અધિકારીઓના ક્યારે કાન મરડીને એક્શન લેવડાવે છે એ જોવાનું રહ્યું.

## હે ભગવાન.. જિલ્લામાં કોરોના કાળમાં ક્યાંક શ્રદ્ધા તો ક્યાંક અંધશ્રદ્ધામાં વધારો

### મંદિરોમાં હવનની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પશુબલીનો દૌર : બકરાનો બલી આપવાની બંધ પ્રથાઓ શરૂ થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

કોરોનાની મહામારી જીવલેણ સ્વરૂપ ધારણ કરતાં કાળા માથાનો માનવી સંક્રમણથી બચવા તબીબી સલાહોની સાથે હવે ભગવાનના શરણે જવા મજબૂર બન્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વર્તમાન કોરોના કાળમાં ક્યાંક શ્રદ્ધા તો ક્યાંક અંધશ્રદ્ધા હાવિ થઈ હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં શ્રદ્ધાળુઓ દ્વારા મંદિરોમાં વાતાવરણ શુદ્ધિ માટે ક્યાંક હવન થઈ રહ્યાં છે તો ક્યાંક કોરોના દેવીપ્રકોપ હોવાની અંધશ્રદ્ધામાં પશુઓની બલી આપવાનો દૌર શરૂ થયો છે. ગમે તે ભોગે જીવ બચાવવા માટે પ્રજાએ કોઈપણ રીતે દેવી શક્તિને રીઝવવાનો પ્રયાસ કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં શ્રદ્ધા ઉપર અંધશ્રદ્ધા વધુ હાવિ થઈ હોય તેવું જણાઈ રહ્યું છે.

કુદરતી આપત્તિઓ આવે ત્યારે માનવી લાચાર બની જતો હોય છે. કોરોનાની મહામારીએ સૌ કોઈને હચમચાવી નાખ્યા છે. સંક્રમણથી બચવા માટે આયુર્વેદીક નુસ્ખા ઘેર..ઘેર શરૂ થયા પછી બંન્ને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણ અત્યંત જોખમી બની જતાં પ્રજા બાધા આખડીઓ તરફ વળી છે. બળીયાદેવનો પ્રકોપ માની ઠેર ઠેર નૈવેદ્ય તેમજ બળીયાનાં વધામણાં થઈ રહ્યાં છે તો કેટલાક વિસ્તારોમાં વાતાવરણ શુદ્ધ થાય તેવા શુભ આશય સાથે દેવમંદિરોના સાનિધ્યમાં હોમ હવન આયોજીત કરવામાં આવી રહ્યા છે પરંતુ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં આજના આધુનિક યુગમાં પણ અંધશ્રદ્ધાનો પ્રભાવ યથાવત હોવાના કારણે પશુબલી આપવાની બંધ થયેલી પ્રથાઓ કોરોના કાળમાં શરૂ થઈ છે. માતાજીનો પ્રકોપ ગામમાં વરસ્યો હોવાનું માની ગ્રામજનો સામૂહીક રીતે બકરાની બલી આપતા હોવાની વાતો ઠેકઠેકાણે સાંભળવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં શ્રદ્ધા અને અંધશ્રદ્ધાનો દૌર શરૂ થયો છે અને કોઈપણ પ્રકારની રોકટોક વગર પશુબલી અપાતી હોવા છતાં કહેવાતા જીવદયા પ્રેમીઓ તેમજ જવાબદાર તંત્રનાં મોંઢાં સીવાઈ ગયાં હોય તેવું લાગી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં બકરાનો બલી આપવાની પ્રથા પાછલા કેટલાક વર્ષોથી બંધ હતી પરંતુ હવે કોરોનાકાળમાં આ પ્રથા શરૂ થતાં બકરાની કિંમત રૂા.૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ સુધી પહોંચી ગઈ છે.

### ધાનેરામાં દુકાનોમાં થતી ગ્રાહકોની

## ભીડથી ગમે ત્યારે કોરોના સંક્રમણનો ખતરો હોવા છતાં તંત્ર ચુપ

ધાનેરા શહેરમાં વેપારીઓ દ્વારા સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે પરંતુ બજારોની રીયાલીટી ચેક કરતાં અનેક એવી દુકાનો છે જે દેખાવ પુરતી બંધ છે,જ્યારે હકીકતમાં ચાલુ છે,છેલ્લા કેટલાક દિવસોથી વેપારીઓ દ્વારા સંપૂર્ણ સ્વૈચ્છિક લોકડાઉન ચાલી રહ્યું હતુ પરંતુ વેપારીઓએ સોશિયલ મીડિયા દ્વારા યોજાયેલી મીટીંગમાં ચીફ ઓફિસર સમક્ષ છુટછાટની રજુઆત કરતાં ચીફ ઓફિસર દ્વારા તા:૧૧/૦૫ થી ૧૪/૦૫ સુધી ફરજીયાત માસ્ક અને સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સનુ પાલન કરવાની શરતે બપોરે બે વાગ્યા સુધી તમામ દુકાનો ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ,પરંતુ ધાનેરાના વેપારીઓ એક પણ નિયમોનુ પાલન કર્યા વગર દુકાનોમાં ગ્રાહકોની ભીડ એકઠી કરી કોરોના સંક્રમણ ફેલાવી રહ્યાં છે,અમુક વેપારીઓ માસ્ક,સેનિટાઈઝરનો ઉપયોગ તો ઠીક સોશિયલ ડિસ્ટન્સના ખુલ્લેઆમ ધજાગરા ઉડાડી રહયા છે,બે વાગ્યા પછી દુકાનો બંધ કરવાના બદલે સ્થાનિક તંત્રની વારંવારની ચેતવણી છતાં આખો દિવસ અડધા શટરે દુકાનો ખુલી રાખી કોરોનાને આમંત્રણ આપી રહ્યા છે,જો વેપારીઓ દ્વારા જ સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરાવીને વેપારીઓ જ તેનો ભંગ કરી રહ્યા છે ત્યારે ધાનેરા નગરપાલિકાના સતાધીશો કેમ કોઈ કાર્યવાહી કરવાના બદલે મૌન ધારણ કરી બેઠા છે,જો વેપારીઓ દ્વારા કરવામાં આવતી ભારે ભીડથી લોકો કોરોના સંક્રમણનો ભોગ બનશે તો જવાબદારી કોની રહેશે એ પણ લોકોમાં ચર્ચા તો સવાલ છે.

## બાવલુ પોલીસે દારૂ સહીત ૪.૧૭ લાખના મુદ્દામાલ સાથે ૨ આરોપીને ઝડપ્યા, ૧ તકનો લાભ લઈને ફરાર !

કડી તાલુકાના બાવલુ પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી મેડા આદરાજ વડાવી માઈનોર કેનાલ પાસેથી ઝડપી લઈને વિદેશી દારૂનો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમો ને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે તકનો લાભ લઈને ફરાર આરોપીની વિગતો મેળવી તેને ઝડપી પાડવા માટે ગ્રહો ચક્રમાન કરવામાં આવ્યા છે.

આ અંગેની પોલીસ સૂત્રોના પાસેથી મળતી માહિતી મુજબ કડીના બાવલું પોલીસ મથકનો સ્ટાફ કોવિડ ૧૯ ના અંતર્ગત સેડફા ચોકડી પાસે સઘન વાહનો ની ચેકીંગ માં પેટ્રોલીંગ માં હતી. દરમ્યાન થોળ તરફથી શંકાસ્પદ સ્વીફ્ટ કાર આવી રહેલી જણાતા તેને રોકવાની કોશિશ કરતા ગાડીના ડ્રાયવરે રીવર્સવાળી ભગાડી હતી. જેથી તેનો પીછો કરતા સ્વીફ્ટના ડ્રાયવરે શેડફા ચોકડી થી ખાત્રાજ થઈ કલોલ શહેર ખાતે સફેદ કલર ની ઈકો ગાડીને અથડાવી સીધા સર્વિસ રોડ ઉપરથી માઈનોર કેનાલ પાસે રોકી પાડતા સ્વીફ્ટ ગાડી નંબર પ્ન-૨૭-છઊઁ-૯૯૬૨ લખેલ નં બરવંચાતું ના હોય ગાડી શંકાસ્પદ લાગતા તેની પોલીસ ટીમે તપાસ કરતા ગાડીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ નંગ ૬૫૮, કિ.રૂ ૨,૧૪,૯૨૦/- નો મળી આવ્યો હતો. તેમજ ગાડી ચાલક મનોજ કુમાર ભવરલાલ બીશ્રોઈ આશુભાઈ અગ્રવાલ બુધારામ ચૌધરી અટકાયત પગલા ભરતા ગાડીનો ચાલક તકનો લાભ લઈને ફરાર થઈ ગયો પોલીસે ગાડી માંથી રૂ ૨,૧૪,૯૨૦/- નો ભારતીય બનાવટ ની ૬૫૮ બોટલ તેમજ ૫૫૦/-રોકડ તેમજ મોબાઈલ રૂ ૨૦૦૦/- તેમજ સ્વીફ્ટ ગાડી કે જેનો આરટીઓ નમ્બર ખોટા નો સાચો ઉપયોગ કરી તે સ્વીફ્ટ ગાડી રૂ ૨,૦૦,૦૦૦/- કુલ ૪,૧૭,૪૭૦/- નો મુદ્દામાલ જપ્ત કરી મનોજ કુમાર ભવરલાલ બીશ્રોઈ તેમજ આશુભાઈ અગ્રવાલ તેમજ બુધારામ ચૌધરી સહિત વિદેશી દારૂની હેરાફેરી તેમજ ગાડી ની નંબર પ્લેટ ખોટી લગાવી સાચી તરીકે ઉપયોગ કરવા બાબતનો ગુનો નોંધી તકનો લાભ લઈને ફરાર આરોપીને ઝડપી પાડવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અંધશ્રદ્ધાને વેગ આપનાર ભૂવા સહિત ૩ ઝડપાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ફરી એકવાર અંધશ્રદ્ધાના કારણે કોરોના ગ્રસ્ત દર્દીનું મોત થયું હોવાની ઘટના સામે આવી હતી. જેમાં કોરોના સંક્રમિત દર્દી હોસ્પિટલમાં જવાને બદલે ઘરે જ પોતાના ગુરુને બોલાવી વિધિ કરાવ્યા બાદ ઓક્સિઝન લેવલ ઘટી જતાં દર્દીનું મોત નીપજયું હતું જોકે ૨૦ દિવસ પહેલા બનેલી આ ઘટનાનો વીડિયો હવે સોશ્યલ વાયરલ વિડીયો અત્યારે વાયરલ થતાં પાલનપુર પશ્ચિમ પોલીસે ભૂવા સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધી ધરપકડ કરી હોવાના વાવડ મળ્યા છે.

દેશ ભલે ૨૧મી સદીના ટેકનોલોજી અને સાયન્સના યુગ તરફ હરણફાળ ભરી રહ્યો હોય પરંતુ ગુજરાતના છેવાડે આવેલા બનાસકાંઠા જિલ્લામાં હજુપણ અંધશ્રદ્ધાની કેટલીય ઘટનાઓ આજે પણ બને છે જેમાં આજે જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરમાં કોરોના ગ્રસ્ત દર્દી ન સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાને બદલે ઘરે જ તેમના ગુરુએ વિધિ કર્યા બાદ દર્દી ની તબિયત વધુ લથડતા મોત નીપજયું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. કચ્છના આડેસર ગામે રહેતા ભવનભાઈ પ્રજાપતિ એક મહિના અગાઉ કોરોના વાયરસથી સંક્રમિત થતા તેઓ સારવાર માટે ડીસમાં રહેતા તેમના ભાઈને ત્યાં આવ્યા હતા પરંતુ ડીસા માં કોઈ હોસ્પિટલમાં જગ્યા ન મળતાં તેઓ પાલનપુર ખાતે રહેતા બીજા ભાઈને ત્યાં ગયા હતા.

## પાલનપુર નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન પ્લાનની કામગીરી શરૂ

પાલનપુર નગરપાલિકા દ્વારા આગામી ચોમાસાને લઈને પ્રિ-મોનસૂન પ્લાનની કામગીરી શરૂ કરાઈ છે. જેમાં શહેરમાં લડબી નદી સહિતના નાળા, ખુલ્લી ગટરો અને વરસાદી નાળાની સફાઈની કામગીરી શરૂ કરાઈ છે. ૩ ટિમો દ્વારા શરૂ થયેલી કામગીરી આગામી ૧૦ થી ૧૫ જૂન સુધીમાં પૂર્ણ કરાશે. ચોમાસાના આગમનને લઈને તંત્ર દ્વારા ચોમાસા પૂર્વેની કામગીરી હાથ ધરાતી હોય છે. ત્યારે પાલનપુર નગરપાલિકા દ્વારા પણ પ્રિ-મોનસૂન પ્લાન પરની કામગીરી શરૂ કરાઈ હોવાનું પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર સતીશ પટેલે જણાવ્યું હતું. આ કામગીરીમાં લડબી નદી, શહેરના વરસાદી નાળા, ઓપન ગટર સહિતની ગટરો અને નાળા ની સફાઈ કરાશે. જેથી ચોમાસા દરમિયાન નાળા ચોકઅપ ન થાય અને વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે. હાલમાં પાલનપુર નગર પાલિકા દ્વારા કંથેરીયા હનુમાન વિસ્તારમાં નાળાની સફાઈ હાથ ધરવામાં આવી છે.

## દુ:ખદ અવસાન



બાયડ : મોડાસાના ચંદ્રવદનભાઈ આર. ભાટીયા (હાલ રહે.સાઠંબા) (સિનિયર આસીસ્ટન્ટ : યુ.જી.વી. સી. એલ., સાઠંબા) નાં પત્નિ અરૂણાબેન ભાટીયાનું નિધન થયેલ છે. વર્તમાન કોરોના મહામારીને કારણે સામાજીક લૌકિક ક્રિયા, બેસણું બંધ રાખેલ છે જે દરેક સ્વજને પોતાના ઘરે રહી પ્રભુ પ્રાર્થના કરવી.

• • •



બાયડ : માલપુરના સ્વ.વિઠ્ઠલદાસ કાશીદાસ ભાટીયાના પત્નિ અને હર્ષદભાઈ ભાટીયા, પરેશભાઈ ભાટીયા, ચંદ્રેશકુમાર ભાટીયાના માતા મંજુલાબેન વિઠ્ઠલદાસ ભાટીયાનું નિધન થયેલ છે.

## મધ્યપ્રદેશની માનસિક અસ્વસ્થ બેનનું પરિવાર સાથે મિલન કરાવતુ હિંમતનગરનું સખી વન સ્ટોપ સેન્ટર

બાયડ તા.૨૪

મધ્યપ્રદેશના સતના જિલ્લાના મૈહર ગામની માનસિક બિમાર મહિલા મોડાસના બજારમાંતી મળી આવે છે. તેના સગા વ્હાલા કોણ છે કોઈ ખબર નહિ પરંતુ એક સ્વજનની જેમ સાચવી પોતાના વતન પાછી મોકલી આપે તો પરીવારજનોને કેટલો આનંદ હોય તેવો જ એક સુખદ ક્ષણ બની હિંમતનગરના સખી વન સ્ટોપ સેન્ટરમાં મોડાસા સખી વન સ્ટોપ સેન્ટરને ગત ૦૯ મે ૨૦૨૧ ના રોજ એક અજાણી સ્ત્રી માનસીક બિમાર બેન મળી આવી જયાંતેને આશ્રય આપવામાં આવ્યો પરંતુ બેનની માનસીક હાલત એટલી ખરાબ હતી કે કઈ પણ જણાવવા સક્ષમ ન હોતી તેથી આ બેન ને હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા બાદમાં બેનને હિંમતનગરના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લાવી કાઉંસેલીંગ કરતા બેને માહિતી આપી કે તે મધ્યપ્રદેશના સતાના જિલ્લાના મૈહર ગામની વતાની છે અને તેના પરિવારમાં મા-બાપ અને બે ભાઈ તથા બહેન પણ છે.

મધ્યપ્રદેશનો સ્થાનિક પોલીસનો સંપર્ક કરતા ત્યાં મૈહર



ગામની એક માનસિક અસ્વસ્થ્ય મહિલા ત્રણ મહિના પહેલા ગુમ થયુ હોવાનું માલૂમ પડ્યું જેને આધારે પરિવારજનો સાથે સંપર્ક કરતા હિંમતનગર ખાતે આવી પંહોચ્યા હતા. પોતાના બહેનને લેવા આવેલા ભાઈ આંખમાં આંસુ સાથે કહે છે કે, પરિવારે આટલા દિવસો માં ખુબ જ શોધ-ખોળ કરેલ પરતું બેન ન મળતા બેનની ગુમ થવાની અરજી પોલીસ સ્ટેશનમાં આપી. પરિવાર હતાશ થઈને બેઠેલ હતો ત્યારે ૧૮ મે ૨૦૨૧ ના સખી વન સ્ટોપ સેન્ટર હિંમતનગર માંથી ફોન આવતા પરિવારમાં ખુશી નો માહોલ આવ્યો આજે ૯૦ દિવસના રઝળપાટ પછી અમારી બહેન અમને સલામત પાછી મળતા ઘણો આનંદ થયો.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૦૩/૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા નવીન આંગણવાડી મકાનના બાંધકામના કામો, નવીન ગ્રામ પંચાયતના કામો જેની અંદાજીત રકમ રૂ. ૬.૪૮ લાખથી રૂ. ૧૭.૧૧ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૫/૫/૨૦૨૧થી તા. ૧૦/૬/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૯૨/૨૦૨૧

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૦૨/૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા ભિલોડા તથા મેઘરજ તાલુકા પંચાયત મકાનના ફર્નીટરનું કામ જેની અંદાજીત રકમ રૂ. ૨૪.૯૯ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૫/૫/૨૦૨૧થી તા. ૯/૬/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૯૩/૨૦૨૧